કેટ શેલી અને
મધરાત ની ટ્રેન



માર્ગરેટ વેટરર

ચિત્ર : કારેન રીટઝ

કેટ શેલી અને મધરાત ની ટ્રેન



માર્ગરેટ વેટરર

ચિત્ર : કારેન રીટઝ


લેખક ની નોંધ

કેથરીન કેરોલ શેલી, 'કેટ', નો જન્મ 25 સપ્ટેમ્બર, 1865 માં આયર્લેન્ડ માં થયો હતો. એ એક વર્ષ ની થયા પહેલા એના માતા-પિતા એને અમેરિકા લઈ ગયા. આયોવા ના મોઇન્ગોના શહેર પાસે એમણે એક નાનું ફાર્મ ખરીદ્યુ. કેટ ના પિતા એ શિકાગો અને ઉત્તરી-પશ્ચિમી રેલમાર્ગ થી દેખાતી હની ક્રીક સામે એનું ઘર બનાવ્યું અને ત્યાં જ ખેતી કરી. એણે રેલ્વે માં પણ નોકરી કરી.

કેટ પછી એમને ચાર બીજા બાળકો થયા, જેમ્સ, મેમે, માર્ગરેટ અને જૉન. શેલી ના ઘર માં જીવન મુશ્કેલ પણ સંતોષકારક હતું. ઘર હંમેશા મિત્રો અને ખુશીઓ થી ભરેલું રહેતું હતું.

જયારે કેટ 13 વર્ષ ની થઈ, ત્યારે એના પિતા નું મૃત્યુ થઈ ગયું. એક વર્ષ થી પણ ઓછા સમય માં, 10 વર્ષીય જેમ્સ, દે મોઇન્ નદી માં ડૂબી ગયો. મિસિસ શેલી ક્યારેય આ દુઃખદ ઘટનાઓ માં થી બહાર ન આવ્યા. કેટે ફાર્મ ચલાવવાનું અને નાના બાળકો ની દેખભાળ કરવાની જવાબદારી પોતાની ઉપર લીધી.

જયારે દે મોઇન્ નદી ની ઘાટી માં પ્રચંડ તોફાન આવ્યું, અને જીવ નું જોખમ થયું, ત્યારે કેટ અચકાયા વગર મુસીબત નો સામનો કરવા રાત માં એકલી નીકળી અને પોતાના કર્તવ્ય ના બધા કામ પૂરા કર્યા.





મોઇન્ગોના,

આયોવા 6 જુલાઈ, 1881

15 વર્ષ ની કેટ શેલીએ દોરી પર લટકતી ચાદર ખેંચી લીધી.

એક ભનાયક તોફાન આવી રહ્યું હતું.

કેટ તોફાની હવામાન ને મહેસૂસ કરી શકતી હતી.

જેવી એ ભારે ટોપલો ઘરમાં લાવી, એક ઠંડી હવા ચાલી.

કાળા વાદળ ઘેરાયા.

અને આકાશ માં અંધારું છવાઈ ગયું.



કેટ એની નાની બહેનો અને ભાઈ સાથે
રસોડા ની બારી પાસે ઉભી હતી.

એણે વીજળી નો ચમકારો જોયો.

એણે પહાડો માં ગડગડાટી સાંભળી.

પછી વરસાદ ચાલુ થયો.

જેવો વરસાદ ચાલુ થયો, એણે હની ક્રીક માં
વધતા પાણી ને જોયા.

થોડા સમય માં પાણી કિનારા થી ઉભરાવા લાગ્યું


અને વાડા માં પાણી ભરાવા લાગ્યું.

"હું જાનવરો ને તબેલા માં થી બહાર કાઢવા જઈ
રહી છું," કેટે કહ્યું.

"જો પાણી આવી જ રીતે વધતું રહેશે તો
જાનવરો ડૂબી શકે છે."

"સાવધાન રહેજે, પાણી માં લપસતી નહીં," માઁ એ
ચેતવણી આપી.





કેટ ટેકરી પરથી નીચે ભાગી.

એ કીચડ ભરેલા પાણી માં થી તબેલામાં પહોંચી.

એણે બંને ઘોડા ને બહાર કાઢ્યા અને એને ઊંચા સ્થાન પર હાંકી કાઢ્યા.

એણે ગાયો ને એક ટેકરી પર ચઢાવી દીધી.

પછી એ ફરી તબેલા માં આવી.

એણે થોડા ડુક્કર ના બચ્ચા ઉઠાવ્યા અને એને ઘરમાં લઈ ગઈ.

ત્યાં સુધીમાં, એ આખી ભીંજાઈ ગઈ હતી.

કેટે સૂકા કપડાં પહેર્યા અને ફરી બારી પાસે ઉભી રહી.

પણ વરસાદે પીછો ન છોડયો.

પૂર નું પાણી ઘર તરફ આવવા લાગ્યું.

જયારે વીજળી ચમકી, તો કેટ ને રેલવે ના ચળકતા પાટા દેખાયા.

પાટા હની ક્રીક ની બીજી બાજુ હતા.

કેટે વરસાદમાં થી ઝાંકી ને હની ક્રીક પર રેલવે ના પૂલ ને જોવાની કોશિશ કરી.

આ તોફાન માં પૂલ કેવી રીતે ટકી રહ્યો હતો?



જમ્યા પછી નાના બાળકો સૂવા ચાલ્યા ગયા.

નવ વર્ષ ની મેમી, માઁ અને કેટ સાથે જાગવા ચાહતી હતી.

બધા રસોડા ના ટેબલ પર બેસી ને તોફાન ના જોખમ વિષે વાતો કરતા રહ્યા.

તેઓ રેલવે માં કામ કરતા લોકો માટે ચિંતિત હતા.

અડધી રાતે, એક એક્સપ્રેસ ટ્રેન રોકાયા વગર મોઇન્ગોના સ્ટેશન થી નીકળવાની હતી.

ટ્રેન દે મોઇન્ નદી પર બનેલા લાંબા પૂલ ને પાર કરશે.

પછી એ હની ક્રીક પર ના પૂલ ને પાર કરશે, કેટ ના ઘર પાસે.

શું એ પૂલ સુરક્ષિત હતા?





અગ્યાર વાગ્યા ની થોડી વાર પછી

કેટ અને એની માઁ એ એન્જિન નો અવાજ સાંભળ્યો.

એન્જિન પાટા પર ધીરે-ધીરે ચાલી રહ્યું હતું.

એક્સપ્રેસ ટ્રેન ના આવવા પહેલા રેલવે ના માણસો પાટા

અને પૂલ ને તપાસી રહ્યા હતા.

રેલવે ના માણસો હની ક્રીક પર બનેલા પૂલ તરફ જઈ રહ્યા હતા.

અચાનક, એન્જીન ની સીટી જોરથી વાગવા લાગી.

ત્યારે કેટે એક ભયાનક તૂટવાનો અવાજ સાંભળ્યો.

એ તુરંત સમજી ગઈ કે પૂલ તૂટી ગયો છે.



કેટે ગરમ એન્જીનનો ઠંડા પાણી માં પડવાનો સિસકારો સાંભળ્યો.

એ તુરંત ઉભી થઈ.

"ઓહ, માઁ," એ બોલી.

"રેલવે ના માણસો હની ક્રીક માં ડૂબી ગયા છે. મારે એની મદદ કરવા જવું જોઈએ."



આકસ્મિક ઘટના ના ધડાકા થી બાળકો જાગી ગયા.

બાળકો કેટ ને જેકેટ અને ટોપી પહેરતા ચુપચાપ જોતા રહ્યા.

કેટે એના પિતા નું રેલવે નું ફાનસ સળગાવ્યું.





"તું ન જઈ શકે, કેટ," માઁ એ કહ્યું.

"ત્યાં બહુ જોખમ હશે."

"મારે જવું જ પડશે, માઁ," કેટે ઉત્તર આપ્યો.

"હની ક્રીક માં હજી પણ કોઈ માણસ જીવતો હોઈ શકે છે.

અને મારે મધરાત ની એક્સપ્રેસ ટ્રેન ને રોકવી પડશે."

"કૃપા કરી ને ન જા, કેટ," માઁ એ કહ્યું.

"પૂર નું પાણી હવે આપણા દરવાજા સુધી આવી ગયું છે."

"જો ત્યાં આપણા પિતા હોત, તો શું આપણે એની

મદદ કરવા ન જાત?" કેટે પૂછ્યું.

"તું સાચું કહે છે," માઁ એ સમર્થન આપ્યું.

"અચ્છા, જા, પણ સાવધાન રહેજો! અમે તારે

માટે પ્રાર્થના કરશું."

તૂટેલા પૂલ સુધી જવા માટે કેટ પૂર ના પાણી થી ભરેલા

વાડા ને પાર ન કરી શકી.

એને બદલે, એણે ઘર ની પછવાડે નો રસ્તો

અપનાવ્યો.

ત્યાંથી એ પાટાઓ સુધી પહોંચી જે ટેકરીઓ

માં થી જતા હતા.

ટેકરી પરથી પાણી વહી રહ્યું હતું.

કેટ પડી ગયેલા વૃક્ષો પર ચઢી ને ગઈ.

એનું સ્કર્ટ ભીની ઝાડીયો માં ફસાઈ ગયું.

એના બૂટ કીચડ માં ફસાઈ ગયા.

પણ એણે એના પિતા નું ફાનસ એની સામે

રાખ્યું અને લગાતાર ચાલતી રહી.

આખરે એ પાટા પર પહોંચી.



કેટ પાટા ની સાથે-સાથે તૂટેલા પૂલ તરફ
દોડી.
એણે હની ક્રીક ના ઊંડા પાણી જોયા.
એ ઈન્જીન કે કોઈ રેલવે ના માણસો
ને જોઈ ન શકી.
શું એ બધા ડૂબી ગયા હતા?
ત્યાં કેટ ને લાગ્યું કે એણે એક ચીસ સાંભળી.
તોફાન ની ગર્જના માં એને ખાતરી
ન હતી.
પણ એણે ફરી સાંભળી.
હા. કોઈ બોલાવી રહ્યું હતું.



વીજળી ચમકી.

કેટે કોઈ ને પાણી ની ઉપર એક વૃક્ષ ની ટોચ ની શાખાઓ પકડેલો જોયો.

મેઘ ગરજ્યા.

જેવી ગર્જના ઓછી થઈ, કેટે ફરી અવાજો સાંભળ્યા.

હવે એ બે માણસો ના અવાજો સાંભળી શકતી હતી, પણ તોફાન માં એના શબ્દો સમજાતા ન હતા.


"થોભો! થોભો! હું મદદ લઈને પાછી આવું છું."

કેટે ફાનસ ને આગળ-પાછળ હલાવ્યું.

એથી લોકો ને ખબર પડી કે એણે એમને સાંભળ્યા હતા અને એ મદદ લાવી રહી હતી.








કેટ, મોઇન્ગોના સ્ટેશન તરફ દોડવા લાગી.
એની પાસે વધારે સમય ન હતો.
અડધી રાત પહેલા, એક્સપ્રેસ ટ્રેનના આવવા
પહેલા, એણે સ્ટેશન પહોંચવું હતું.

કેટ રેલવે ના પાટા ના કિનારે દોડી.
દે મોઇન્ નદી ના પૂલ પર પહોંચવા પહેલા,
એને પૂર ના ધસમસતા પાણી નો અવાજ સંભળાયો.
એણે પૂલ પર એના રસ્તા માં ઉજાસ કરવા માટે
ફાનસ ઊંચું પકડી રાખ્યું હતું.
પણ જેવી એ આગળ વધી, તેજ હવાએ
નાની વાટ ને બુઝાવી દીધી.

કેટે અંધારા માં જોયું.
મોઇન્ગોના સ્ટેશન પહોંચવા એણે
નદી પાર કરવાની હતી.
એની સામે લાંબો લાકડાનો પૂલ હતો.
પાટા ની બાજુ માં સાંકડો રસ્તો હતો.
થોડા પાટિયા ગાયબ હતા.
ત્યાં પકડવા માટે કોઈ રેલિંગ ન હતી.
કેટ દિવસ ના અજવાળા માં પણ એ પૂલ
પાર કરતા ડરતી હતી.
શું હવે એ આ તોફાન માં, અંધારા માં, એ પૂલ ને
પાર કરી શકતી હતી?





કેટે હની ક્રીક માં ના રેલવે કર્મચારીઓ વિષે વિચાર્યું.
એણે ટ્રેન માં સફર કરતા બધા લોકો વિષે વિચાર્યું જે
તૂટેલા પૂલ તરફ તેજી થી જઈ રહ્યા હતા.
એ એના હાથ અને ઘૂંટણ થી સરકવા
લાગી.

કેટે એના હાથો થી પૂલ ના ખાલી સ્થાનો ને
તપાસ્યા, જેથી એ પોતે નીચે ન પડી જાય.
ખીલ્લી અને લાકડા ની ધારદાર કિનારી થી એના
હાથ
અને ઘૂંટણ ઈજાગ્રસ્ત થયા અને એનું સ્કર્ટ ફાટી ગયું.
એણે સ્ટીલ ના પાટા પકડી રાખ્યા, હવા
એને તાણી ન જાય એ માટે.

નદી ના પૂર માં તણાયેલા વૃક્ષ અને લાકડા ના ઢીમચા પૂલ સાથે

અથડાઈને એને હલાવતા હતા.

જ્યારે એ પૂલ ના મધ્ય માં પહોંચી, તો અચાનક

વીજળી ની ચમક થી રાત ઝળહળી ઉઠી.

એણે ઉપર જોયું.

એક વિશાળ વૃક્ષ નદી માં વહી ને એની


તરફ આવી રહ્યું હતું.

નિશ્ચિત રૂપ થી એ વૃક્ષ પૂલ સાથે અથડાશે.

કેટે આંખો બંધ કરી અને પ્રાર્થના

કરવા લાગી.





બીજી જ પળે નદી એ વૃક્ષ ને પાણી ની નીચે ખેંચી લીધું.

કેટે ચાલવાના રસ્તા નીચે વૃક્ષ ને ઘસાઈ ને જતા

અનુભવ કર્યો.

પછી વૃક્ષ વહી ગયું.

કેટ ડર થી કંપી રહી હતી, પણ એ આરામ કરવા

રોકાઈ શકે તેમ ન હતી.

એને ખબર હતી કે હવે લગભગ અડધી

રાત થવાની હતી.

એને અડધી રાત ની એક્સપ્રેસ ટ્રેન ના આવવા
પહેલા

સ્ટેશન પહોંચવાનું હતું.

આખરે કેટ નો હાથ જમીન ને અડયો.

એ નદી પાર કરી ચુકી હતી.

મોઇન્ગોના સ્ટેશન હવે અડધા માઈલ થી પણ ઓછી દૂરી પર હતું.

એ એના પગ પર ઉભી થઈને દોડવા લાગી.


એનું દિલ ધડકવા લાગ્યું.

એના ગળા માં દુખવા લાગ્યું.

પણ વરસાદ માં એને સ્ટેશન ની રોશની

દેખાણી.







કેટે રેલવે સ્ટેશન નો દરવાજો ખોલ્યો.

અંદર બેસેલા લોકો ફર્યા અને એને જોવા લાગ્યા.

કેટ ના કપડાં ફાટેલા અને મેલા હતા.

એની જૂની ટોપી માં થી પાણી ટપકી રહ્યું હતું.

એણે બોલવાની ની કોશિશ કરી, પણ એના મોઢા
માં થી

એક શબ્દ પણ બહાર ન નીકળ્યો.

અંત માં, એ હાંફવા લાગી,

"હની ક્રીક માં એન્જીન નીચે પડી ગયું છે.

એક્સપ્રેસ ટ્રેન ને રોકો."

એ પછી કેટ જમીન પર પડી ગઈ.

"આ છોકરી જરૂર પાગલ છે," કોઈએ કહ્યું.

પણ સ્ટેશન નો એજન્ટ કેટ ને જાણતો હતો.

"એનો મતલબ છે કે પૂલ તૂટી ગયો છે," એણે

રાડ પાડી.

"આપણે એક્સપ્રેસ ટ્રેન ને તરત રોકવી જોઈએ."


એ તરત ટેલિગ્રાફ પાસે ગયો અને મોઇન્ગોના થી પહેલાના

સ્ટેશન ઓગડેન માટે એણે એક સંદેશો ટેપ

કર્યો.

એક્સપ્રેસ ટ્રેન ને રોકો ... પૂલ તૂટી ગયો છે ...

એક્સપ્રેસ ટ્રેન ને રોકો!!



બીજા માણસે એક ફાનસ પકડયું.

પછી એ પ્લેટફોર્મ તરફ ભાગ્યો.

જો ટેલિગ્રાફ સંદેશ ન પહોંચે તો એ એક્સપ્રેસ

ટ્રેન ને લાલ ઝંડી બતાવીને રોકી શકતો હતો.

બસો માણસો સાથે એક્સપ્રેસ, હજી પણ તૂટેલા પૂલ

તરફ તેજી થી આગળ વધી રહી હતી.





પણ કેટ ની ચેતવણી સમયસર આવી.
રેલવે કર્મચારીઓ એ ઓગડેન માં જ એક્સપ્રેસ ટ્રેન ને રોકી.
આ એ રાતે મોકલાવેલો અથવા આવેલો અંતિમ ટેલિગ્રાફ સંદેશ હતો.
તોફાને 40 માઈલ સુધી ટેલિગ્રાફ સેવા ઠપ્પ કરી નાખી હતી.
કોઈએ કેટ ને ઉપાડીને ખુરશી પર બેસાડી.
પછી કોઈએ કેટ ને એક ગ્લાસ પાણી આપ્યું.
"હની ક્રીક માં બે માણસો હજી જીવિત છે," કેટે કહ્યું.
"મેં એને પાણીમાં ઝાડ ને પકડેલા જોયા છે."



"ચાલો આપણે એને બચાવવાની કોશિશ કરીયે," એક માણસે કહ્યું.
"શું તું અમારી મદદ કરીશ, કેટ?" બીજા માણસે પૂછ્યું.
"એ ક્યાં છે એ અમને બતાવીશ?"



કેટે બચાવ દળ સાથે એન્જીન માં સવારી કરી.

એમણે દે મોઇન્ નદી પાર કરી.


આ એજ પૂલ હતો જેના પર કેટ સરકતા આવી હતી.

હની ક્રીક ના તૂટેલા પૂલ પર એન્જીન ઉભું રહ્યું.

બધા લોકો એ બૂમ પાડી, અને પાણી માં ફસાયેલા લોકો એ જવાબ આપ્યો.

એ હજી પણ ઝાડ માં લટકેલા હતા.

પણ પૂરગ્રસ્ત ખાડી ની એ બાજુ થી એમના સુધી પહોંચવાનો કોઈ રસ્તો ન હતો.





કેટે એના ઘર ની પાછળ પહાડીઓ માં બચાવ

દળ નું નેતૃત્વ કર્યું.

એ એમને જંગલ ના રસ્તે ઉપર ની બાજુ એક
બીજા પૂલ

સુધી લઈ ગઈ.



ત્યાં એમણે હની ક્રીક પાર કરી,

અને અંતમાં બે ફસાઈ ગયેલા લોકો ને બચાવ્યા.

અંત ના શબ્દો

કેટ ઘરે ગઈ અને ઘણી વાર સુધી સૂતી રહી. જયારે એ જાગી, તો એના પરિવારે, મિત્રોએ અને પાડોશીઓએ ખૂબ ખુશી સાથે એનું સ્વાગત કર્યું. એ એના સાહસિક કાર્ય વિષે સાંભળવા ચાહતા હતા. ખબરપત્રી આવ્યા.દેશભર ના વર્તમાન પત્રો માં લોકો એ એની બહાદુરી ની વાત વાંચી. થોડા સમય માં આખો દેશ કેટ શેલી વિષે જાણી ગયો. રેલરોડ કંપની એ કેટ ને એક સો ડોલર અને રેલવે માં આજીવન યાત્રા કરવાનો મફત પાસ આપ્યો.

કેટ ના સન્માન માં કવિતાઓ અને ગીતો લખાયા. આયોવા રાજ્યે કેટ ને એક સ્વર્ણ પદક થી સન્માનિત કરી.

પણ એને મળેલા બધા સન્માનો માં થી કેટ ને એના રેલયાત્રી મિત્રો દ્વારા અપાયેલું સન્માન સૌથી સારું લાગ્યું. જયારે પણ ટ્રેન એના ઘર પાસેથી નીકળતી હતી, તો તેઓ ટ્રેન બરાબર એના ઘર ની સામે રોકતા હતા જેથી કેટ ત્યાં ઉતરીને જલ્દી એના ઘરે પહોંચી શકે!

